# અમેઠી બેઠક પર કમળ ખિલી ઉઠશે : સ્મૃતિ ઈરાની

## અમેઠીની બેઠક પર ફરી રાહુલ ગાંધીની સામે મેદાનમાં ઉતરશે : હાઇ પ્રોફાઇલ બેઠક પર જોરદાર જંગ ખેલાશે

લોકસભા ચૂંટણી માટે ભારતીય જનતા પાર્ટીએ ૧૮૪ ઉમેદવારોની યાદી જાહેર કરી દીધી છે. આ યાદીમાં વડાપ્રધાન નરેન્દ્ર મોદી, ભાજપ પ્રમુખ અમિત શાહ, રાજનાથ સિંહ, નિતિન ગડકરી, સ્મૃતિ ઈરાની અને રાજ્યવર્ધન સિંહ રાઠોરનો સમાવેશ થાય છે. પાર્ટીના તમામ નેતાઓએ ટિકિટ મળ્યા બાદ પાર્ટીનો આભાર માન્યો છે. કેન્દ્રિય પ્રધાન સ્મૃતિ ઈરાનીએ પ્રતિક્રિયા આપતા કહ્યુ છે કે આ વખતે અમેઠી બેઠક પર કમળ ખિલી ઉઠશે. તેમણે કહ્યુ હતુ કે અમેઠી મતવિસ્તારના લોકો તરફથી તેમને ખુબ પ્રેમ મળી રહ્યો છે. આ બેઠક પર હવે ઈતિહાસ સર્જાશે. છેલ્લી લોકસભા ચૂંટણીમાં રાહુલ ગાંધીની સામે સ્મૃતિની હાર થઈ હતી. જો કે સ્મૃતિએ જોરદાર ટક્કર આપી હતી. આ વખતે તેમની સ્થિતિ સારી દેખાઈ રહી છે. કારણ કે રાષ્ટ્રવાદની લહેર પણ જોવા મળી રહી છે. બોલિવુડની ડ્રીમગર્લ ગણાતી હેમા માલિનીને મથુરા લોકસભા સીટ પરથી ફરી મંદાનમાં ઉતારી દેવામાં આવ્યા છે. હેમા માલિનીએ પ્રતિક્રિયા આપતા કહ્યુ છે કે તેઓ વડાપ્રધાન નરેન્દ્ર મોદી અને ભાજપ પ્રમુખ અમિત શાહનો આભાર માન્યો છે. વિકાસ માટે ખુબ મહેનત કરવા માટે હેમા માલિનીએ ઈચ્છા વ્યક્ત કરી છે. હેમા માલિનીએ કહ્યુ છે કે તે અન્ય નેતાઓની જેમ નથી. અહીંના લોકો તેમના કામને જોઈ ચુક્યા છે. આ વખતે પણ શાનદાર દેખાવ કરવા માટે આશાવાદી છે. નિતિન ગડકરી નાગપુરમાંથી ચૂંટણી લડનાર છે. છેલ્લી ચૂંટણી કરતા વધારે સારા અંતરથી જીત મેળવી લેવા માટેની આશા નિતિન ગડકરીએ વ્યક્ત કરી છે. રાજ્યવર્ધન રાઠોડ અને અન્ય નેતાઓએ પણ આવી જ પ્રતિક્રિયા આપી છે.








# અડવાણીની અલવિદા : રાજકિય નિવૃત્તિના અણસાર

ભારતીય જનતા પાર્ટીના ભીષ્મ પિતામ ગણવામાં આવતા લાલકૃષ્ણ અડવાણીને આ વખતે પાર્ટીએ ટિકિટ ન આપવાનો નિર્ણય કર્યો છે. આની સાથે જ તેમના લાખો સમર્થકોમાં નારાજગીનુ મોજુ ફરી વળ્યુ છે. તેમને ટિકિટ ન મળતા અડવાણીની ચૂંટણી રાજનીતિ પર વિરામના સંકેત દેખાઈ રહ્યા છે. પહેલાથી જ એવી અટકળો હતી કે આ વખતે અડવાણીને ટિકિટ આપવામાં આવશે નહીં. ગુરૂવારના દિવસે પાર્ટી દ્વારા તેના ઉમેદવારોની યાદી જાહેર કરી હતી. અડવાણીની જગ્યાએ તેમની પરંપરાગત સીટ પરથી ભાજપ પ્રમુખ અમિત શાહ ચૂંટણી લડનાર છે. એમ માનવામાં આવે છે કે અડવાણીની ૯૧ વર્ષની વયને ધ્યાનમાં લઈને મેદાનમાં નહીં ઉતારવાનો નિર્ણય કરવામાં આવ્યો છે. ભાજપ દ્વારા ૧૮૪ ઉમેદવારોની યાદી જાહેર કરી દીધી છ. આ હાઈ પ્રોફાઈલ યાદીમાં તમામ ટોપ લીડરો સામેલ છે. દેશના ગૃહ પ્રધાન અને નાયબ વડાપ્રધાન તરીકે રહી ચુકલા અડવાણી સતત છ વખત ગાંધીનગર બેઠકથી ચૂંટણી જીતી હતી. વર્ષ ૧૯૮૦ના દશકના અંત વર્ષ ૧૯૯૦માં ભારતીય જનતા પાર્ટીને મજબુત પાર્ટી બનાવવામાં તેમની ભૂમિકા ચાવીરૂપ રહી હતી. વર્ષ ૧૯૮૪માં બે સીટોથી ૧૮૦ સીટ સુધી પહોંચાડી દેનાર અડવાણી હાલમાં રાજનીતિના કેન્દ્રમાં નથી. વર્ષ ૨૦૧૪માં વડાપ્રધાન પદના ઉમેદવાર તરીકે નરેન્દ્ર મોદીનો અડવાણીએ વિરોધ કર્યો હતો. અત્રે ઉલ્લેખનીય છે કે લોકસભા ચૂંટણી માટેના કાર્યક્રમની ચૂંટણી પંચે ૧૦મી માર્ચના દિવસે જાહેરાત કરી દીધી હતી. આની સાથે લોકસભા ચૂંટણી માટેનું રણશિંગુ ફુંકાઈ ગયું હતુ. ચૂંટણી પંચે લોકસભાની કુલ ૫૪૩ સીટો ઉપર સાત તબક્કામાં ચૂંટણી માટેના કાર્યક્રમની જાહેરાત કરી હતી જે સાત તબક્કામાં મતદાન યોજાનાર છે તે પૈકી પ્રથમ તબક્કામાં ૧૧મી, બીજા તબક્કામાં ૧૮મી, ત્રીજા તબક્કામાં ૨૩મી, ચોથા તબક્કામાં ૨૯મી એપ્રિલના દિવસે મતદાન યોજાશે જ્યારે પાંચમાં તબક્કામાં છઠ્ઠી મે, છઠ્ઠા તબક્કામાં ૧૨મી મે અને ૧૯મી મેના દિવસે સાતમાં તબક્કામાં મતદાન થશે. તમામ તબક્કાની મતગણતરી એક સાથે ૨૩મી મેના દિવસે યોજાશે. આનો મતલબ એ થયો કે, ૧૭મી લોકસભામાં સત્તાની ચાવી કોની પાસે આવશે તે અંગેનો ફેંસલો ૨૩મી મેના દિવસે થશે. પ્રથમ તબક્કામાં ૨૦ રાજ્યોમાં ૯૧ સીટો ઉપર મતદાન થનાર છે. બીજા તબક્કામાં ૧૩ રાજ્યોની ૯૭ સીટ પર મતદાન થનાર છે. ચોથા તબક્કામાં નવ રાજ્યોમાં સાત સીટો ઉપર મતદાન થનાર છે. પાંચમાં તબક્કામાં સાત રાજ્યોની ૫૧ સીટો ઉપર મતદાન યોજાનાર છે. છઠ્ઠા તબક્કામાં સાત રાજ્યોની ૫૯ સીટો ઉપર મતદાન થશે જ્યારે સાતમા અને અંતિમ તબક્કા માટે આઠ રાજ્યોની ૫૯ સીટ ઉપર મતદાન થશે. દિલ્હીમાં છઠ્ઠા તબક્કામાં ૧૨મી મેના દિવસે મતદાન થશે. સૌથી વધારે ઉત્તરપ્રદેશ, બિહાર અને બંગાળમાં સાતમાં રાઉન્ડમાં મતદાન થશે અને તમામ તબક્કામાં અહીં મતદાન થનાર છે. ૨૨ રાજ્યોમાં એક તબક્કામાં મતદાન થશે. તમામ મતદાન મથકો ઉપર વીવીપેટની વ્યવસ્થા કરવામાં આવી છે.લાલકૃષ્ણ અડવાણીને ટિકિટ ન મળતા તેમના સમર્થકો નારાજ દેખાઈ રહ્યા છે. જો કે પાર્ટીએ તેમની વયને ધ્યાનમાં લઈને આ નિર્ણય કર્યો છે. આ વખતે ભાજપ પ્રમુખ અમિત શાહ આ બેઠક પરથી ચૂંટનમી મેદાનમાં ઉતરનાર છે. અડવાણીની રાજકીય કેરિયર હવે પૂર્ણાહુતિના આરે પહોંચી ગઈ છે.



# શામળાજી સુનોખ નજીક અજાણ્યા વાહને બાઈકને પાછળથી ટક્કર મારતા પતિની નજર સામે પત્નીનું મોત

શામળાજી, તા. ૨૨

અમદાવાદ-ઉદેપુર નેશનલ હા.નં. ૮ પર શામળાજીથી હિંમતનગર ફોર ટ્રેક હાઈવે અકસ્માત ઝોન બની ગયો છે. બેફામ ગતિએ હંકારતા મોટા વાહનચાલકોને ભોગે નાના વાહનચાલકો અને રાહદારીઓ સતત જીવ ગુમાવી રહ્યા હોવાથી કાયમી અકસ્માતગ્રસ્ત જાહેર કરાયો હોય તેવી સ્થિતિ ઉભી થઈ છે. ધુળેટી પર્વમાં કુશ્કી ગામના દંપતી બાઈક લઈ મિત્રના જેમના પ્રસંગમાં હાજરી આપી હિંમતનગરથી કુશ્કી ઘરે પરત ફરતી સમયે સુનોખ ગામ નજીક પાછળથી અજાણ્યા વાહને અડફેટે લેતા દંપતી રોડ પર પટકાતા પતિની આંખો સામે પત્નીનું કમકમાટી ભર્યું મોત નિપજતા ભારે ચકચાર મચી હતી. પતિના શરીરે ઈજાઓ પહોંચતા તાબડતોડ મોડાસા ખાનગી હોસ્પિટલમાં ખસેડાયા હતા. અકસ્માતના પગલે દોડી આવેલી શામળાજી પોલીસે મૃતક મહિલાના મૃતદેહને પીએમ માટે ખસેડી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી.

ભિલોડા તાલુકાના કુશ્કી ગામના દંપતીના બાઈકને ધુળેટીના પર્વમાં અકસ્માત નડતા અને દંપતી નંદવાતા સમગ્ર પંથકમાં શોકાગ્નિ ફેલાઈ હતી. કુશ્કી ગામના નટુભાઈ દુધાભાઈ સોલંકી તેમની પત્ની નિપુર્ણાબેન ઉર્ફે નીરુબેન સાથે બાઈક (ગાડી નં-જીજે.૩૧.એફ.૭૫૨૩) તેમના મિત્રના જેમના પ્રસંગમાં હાજરી આપી પરત કુશ્કી આવતા સુનોખ ગામની સીમમાં પાછળથી અજાણ્યા વાહને ધડાકાભેર ટક્કર મારતા બાઈક સવાર દંપતી રોડ પર પટકાયું હતું.

બાઈક રોડ સાઈડ જઈ પડ્યું હતું બાઈક પાછળ બેઠેલા નિપુર્ણાબેન ઉર્ફે નીરુબેનના શરીરે ગંભીર ઈજાઓ પહોંચતા ઘટનાસ્થળે પ્રાણ પંખેરું ઉડી ગયું હતું. નટુભાઈના શરીરે ઈજાઓ પહોંચતા અકસ્માતના પગલે દોડી આવેલા લોકોએ સારવાર અર્થે દવાખાને ખસેડ્યા હતા. અકસ્માત સર્જી અજાણ્યો વાહનચાલક નાસી છૂટ્યો હતો. અકસ્માતના પગલે દોડી આવેલી શામળાજી પોલીસે મૃતક મહિલાના પીએમ માટે શામળાજી રેફરલ હોસ્પિટલમાં ખસેડી વસંતકુમાર દુધાભાઈ સોલંકીની ફરિયાદના આધારે અજાણ્યા વાહનચાલક વિરુદ્ધ અકસ્માતે મોતનો ગુન્હો નોંધી ફરાર અજાણ્યા વાહનચાલકને ઝડપી પાડવા ચક્રો ગતિમાન કર્યા હતા.



# કાર ચોરીનો ભાગતા સ્ટેરીંગ લોક થઈ ગયું !

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ ખાતે કાર ચોરોએ ઘર આગળ પાર્ક કરેલ કાર તો ચોરીને અડધો કિલોમીટર સુધી લઈ ગયા પણ કંપની સિસ્ટમને લઈને કાર આગળ ના જતા લોક થતા કેનાલમાં ધક્કો મારી બેટરી, સ્પેર વ્હીલ કાગળો ચોરી સંતોષ માની ચલતી પકડી.

પ્રાંતિજ બજારચોક વિસ્તારમાં આવેલ પાડા પોળમાં રહેતાં રાજુભાઈ સોની પોતાના ઘર આગળ પોતાની પાર્ક કરેલ કાર નંબર-જીજે.૦૯.બીડી.૩૧૪૨ રાત્રીના સમયે કોઈ અજાણ્યા કાર ચોરો દ્વારા



કારની ચોરી કરવાના ઈરાદે આવી પાડાપોળમા કાર માલિકના ઘર આગળ પાર્ક કરેલ કારનું લોક તોડી કાર ચાલુ કરી મુળ જગ્યાએથી કારને અડધો કિલોમીટર સુધી લઈ ગયા પણ કંપનીની સીસ્ટમને લઈને કાર બીજી ચાવી નંખાતા આગળ જતાં સ્ટેરીગ લોક થઈ ગઈ હતી.

કાર એક સાઈડે ફરવા માંડી તો અજાણ્યા કારચોરો દ્વારા કાર લઈને જવાના પ્રયાસો કર્યા પણ કાર સીધી એક સાઈડે ફરતાં કારમાં રહેલ બેટરી, સ્પેર વ્હીલ તથા ગાડીના કાગળો સહિત કારમાંથી ચોરી કરી લઈ જઈને સંતોષ માન્યો હતો. કારને એસટી ડેપો પાસે રાવળ વાસ તરફ જતી કેનાલમાં ધક્કો મારીને ભાગી ગયા હતા. વહેલી સવારે કાર ઘર આગળ ના હોવાથી અને લોકો દ્વારા તેવોને તેમની કાર પાસે આવેલ કેનાલમાં પડી હોવાની જાણ થતા તેવો સ્થળ પર આવીને આ અંગેની પોલીસને જાણ કરી હતી. કાર કેનાલમા પડી હોવાનું વાયુવેગે સમાચાર પ્રસરી જતાં લોકોના ટોળે ટોળા કેનાલ પાસે દોડી આવ્યા હતા.

# પ્રાંતિજના મજરા ગામે પરંપરાગત હોળી ઉત્સવ ધામધૂમથી ઉજવાયો

પ્રાંતિજ, તા. ૨૨

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ તાલુકાના મજરા ખાતે છેલ્લા ૫૦૦ વર્ષથી પ્રાચીન પરંપરા મુજબ ઘરે ઘરે જઈ લાંકડા છાણાં ઉઘરાવી હોળીની એક હોળીમાં લાકડાં મુકવામાં આવે છે અને બીજી હોળી છાણાં મુકવામાં આવે છે અને લાકડાના અંગારા પડયા હોય તેના પરથી બાળકોથી માંડીને યુવાનો, વુધ્ધો સળગતા મોડાસા, ગાંધીનગર વગેરે જગ્યાએ જીલ્લાઓમાંથી આવે છે અને પોતાની રાખેલ માનતા બાધા પુર્ણ કરે છે. તો વર્ષોથી અંહી અંગારામાં ચાલવાની પરમપરાં



રાત્રે બે અલગ-અલગ હોળી પ્રગટાવવામાં આવે છે અને વર્ષોથી ચાલી આવતી પરંપરા યંત્ર યુગમાં આજે પણ યથાવત છે.

પ્રાંતિજના મજરા ગામમાં ભૈરવનાથ મંદિરના ચોકમાં બે હોળી પ્રગટાવવામાં આવે છે જેમાં અંગારા પરથી ખુલ્લા પગે ચાલે છે છતાં હજુ સુધી કોઈપણ દાઝ્યુ હોય તેવો કોઈ બનાવ બન્યો નથી. ત્યારે દાદા ભૈરવનાથના દર્શન તથા મજરાની હોલિકા દહન જોવા માટે શ્રધ્ધાળુઓ પ્રાંતિજ તથા તાલુકા સહિત મહેસાણા, અમદાવાદ, પ્રચલિત થઈ છે તેને ગામજનો ભૈરવનાથની કુપામાને છે અને હોળીના દિવસે જો કોઈ કુટુંબમાં પુત્ર હોય તો જેમ નિમિત્તે બાળકને પહેલી હોળીના દર્શન કરાવે છે અને નવા પરણેલા દંપતિ હોળીના દર્શન કરી પ્રદક્ષિણા કરે છે.

### બ્રિજ બનશે... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

અનુલક્ષી વધુ એક નવા બ્રિજનુ નિર્માણ કરાશે. જેમાં ૧૮ મીટર પહોળા અને ૪૦૦ મીટરની લંબાઈ ધરાવતા આ બ્રિજના નિર્માણ માટે પણ વિભાગે કેન્દ્ર સરકારને દરખાસ્ત કરી છે. ચિલોડા સરખેજ માર્ગના પ્રોજેકટને અનુલક્ષી રૂટમાં વિવિધ ૭ ઠેકાણે ઓવરબ્રિજના નિર્માણનુ કામ હાથ ધરાશે. જયારે આ રૂટમાં જ આવતા કેનાલ અને સાબરમત્તી નદીને અનુલક્ષીને પણ નવા બ્રિજનુ નિર્માણ કરાશે તેમ પણ સુત્રોએ જણાંવ્યુ છે.

### જનજાગૃતિ જરૂરી... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

ભાર મુકયો હતો. નીતિ આયોગના અહેવાલમાં જિલ્લામાં ૮૪ ટકા જેટલા બાળકોને આવરી લેવામાં આવે છે તે અંગે ધ્યાન દોરી જણાવ્યું હતુ કે તંત્રની સતર્કતા અને સેવાઓને લઈ જનતાની જાગૃતિનું સંકલન સારૂ પરિણામ લાવી શકે. જિલ્લા વિકાસ અધિકારીશ્રીએ બાળમરણનો દર ઘટે તે દિશામાં સઘન પગલાં લેવાની હિમાયત કરી હતી. એનીમીક મધરની ટકાવારીમાં ઘટાડો ઉત્સાહજનક ચોકકસ કહી શકાય પણ આ દિશામાં સઘન કામગીરી થાય તે અત્યંત આવશ્યક છે.

જિલ્લા વિકાસ અધિકારીશ્રીએ વાહનકજન્ય રોગચાળા વિશેની ચર્ચામાં કહ્યું હતું કે જાગૃતિ એ આવકારદાયક છે પણ સચોટ નિદાન અને સમયસર સારવાર એ એટલું જ જરુરી છે. તેમણે મેલેરિયાના કેસોમાં થયેલો ઘટાડો નોંધનીય છે તેમ કહ્યું હતું પરંતુ મચ્છરોને નાથવા માટે જનજાગૃતિ અને જનસહયોગ પણ એટલો જ જરુરી છે. તેમણે જિલ્લામાં આદર્શ પ્રા. આરોગ્ય કેન્દ્ર બનાવવાને લઈ પણ કેટલીક ચર્ચાઓ કરી હતી. જો કે આયુષ્યમાન ભારતની કામગીરી અને અમલીકરણમાં ગતિ લાવવાનો આગ્રહ પણ કર્યો હતો. આ બેઠકમાં જિલ્લાના આરોગ્યના ઉચ્ચ અધિકારીઓ તેમજ તાલુકા આરોગ્ય અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

### વળતર ચુકવાયું... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

રૂટમાં આવતા ૪ હજાર જેટલા રોપાઓને રીટ્રાન્સપ્લાન્ટ કરવામાં આવ્યા છે. જયારે ૩ હજાર જેટલા રોપાઓની કટોતી કરવામાં આવી છે. વનતંત્રને આ માટે નવા રોપાઓની વાવણી અર્થે રૂ ૩ કરોડનુ વળતર પણ ચુકવી દેવાયુ છે. આ પ્રોજેકટની કાર્યયોજનાને અનુલક્ષી કરોડો રૂપિયાનો ખર્ચ કરવામાં આવનાર છે. જયારે રૂટમાં આવતા ક્રોસ જંકશનને ધ્યાને લઈ ઓવરબ્રિજ પણ તૈયાર કરાશે. આગામી દિવસોમાં આ કામગીરીમાં ગતિ આવશે તેમ પણ સુત્રોએ જણાંવ્યુ છે.

### ક-માર્ગના... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

શહેરમાં માર્ગ સુધારણાની કામગીરી અન્વયે હાલ કામો ઠપ્પ થઈ ગયા છે. ગત વાઈબ્રન્ટ સમિટ દરમિયાન નગરના મુખ્યમાર્ગોને ચકાચક બનાવવા માટે તેમજ બ્યુટીફિકેશનની કામગીરી પણ પુરજોશમાં હાથ ધરવામાં આવી હતી. આ દરમિયાન નગરના મુખ્યમાર્ગો તેમજ મહાનુભાવોની અવરજવર હોય તેવા ખ માર્ગ સહીતના વિવિધ માર્ગોનુ પણ પેવરકામ હાથ ધરાયુ હતુ. જો કે હજુ શહેરના જુના સેકટરોના આંતરિક માર્ગો સહીત અન્ય મુખ્યમાર્ગોની સુધારણા તેમજ વાઈડનીંગનુ કામ બાકી છે. હાલ રીલાયન્સ ચોકડી તરફ જવાના માર્ગનુ કામ ચાલુ છે. જયારે આગામી દિવસોમાં નગરના ક માર્ગના સરફેસીંગનુ કામ પણ તંત્ર દ્વારા હાથ ધરાશે. આ ઉપરાંત ગ માર્ગનુ કામ પણ કોર્પોરેશન દ્વારા હાથ ધરવા માટે આયોજન કરાશે. શહેરમાં માર્ગ સુધારણા પાછળ વર્ષે કરોડો રૂપિયાનો ખર્ચ કરવામાં આવે છે. જો કે આમ છતા શહેરના સેકટરોના આંતરિક માર્ગોની કામગીરી હજુ પણ બાકી છે. ત્યારે હવે માર્ગ સુધારણાના મંજુર ન થયા હોય તેવા કામો આગામી ચોમાસા બાદ હાથ ધરાય તેવી પણ સંભાવના છે.

### અમિત શાહ... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

ગુજરાત પ્રવાસે આવશે. ગાંધીનગર સીટ પરથી તેમના નામની મોહર લાગ્યા બાદ તેઓ ગુજરાતમાં પહેલી વખત આવતા હોવાથી તેમનું કાર્યકરો દ્વારા ભવ્ય સ્વાગતની તૈયારીઓ આરંભી દેવામાં આવી છે. અમિત શાહના આગમન સમયે ભવ્ય સમારોહનું આયોજન કરવામાં આવ્યું છે. હાલ અમિત શાહના સ્વાગતમાં કોઈ કચાશ ના રહે તેના માટે અત્યારથી તૈયારીઓ આરંભી દેવામાં આવી છે. ચૂંટણીના કાઉન્ટડાઉન વચ્ચે લોકોએ આશા વ્યક્ત કરી હતી કે, આ વર્ષે કોંગ્રેસ દ્વારા મજબુત દાવેદાર ઉતારવામાં આવે નહીં તો ભાજપના રાષ્ટ્રીય અધ્યક્ષ અમિત શાહની જીત પાક્કી છે.

### ત્રાસવાદી ઠાર... ● અનુસંધાન પહેલાનું ચાલુ

હતી. બારામુલ્લા જિલ્લાના કલંતરા વિસ્તારમાં ગુરુવારના દિવસે અથડામણમાં જૈશના બે આતંકવાદીઓ માર્યા ગયા હતા. આ ગાળા દરમિયાન એક અધિકારી સહિત ત્રણ સુરક્ષા જવાનો ઘાયલ થયા હતા. માર્યા ગયેલા આતંકવાદીઓમાં સામેલ આમીર રસુલ સોપોરે નિવાસી હતો. અન્ય એક પાકિસ્તાની નાગરિક પણ ઠાર થયો હતો. સોપોરેમાં અથડામણ દરમિયાન મોબાઈલ અને ઈન્ટરનેટ સેવા બંધ રાખવામાં આવ્યા બાદ હજુ પણ અથડામણ જારી રહી છે. સાવચેતીના પગલારુપે સોપોરેમાં તમામ શૈક્ષણિક સંસ્થાઓ બંધ છે. મોબાઈલ ઈન્ટરનેટ સેવા ઉપર પણ પ્રતિબંધ રાખવાનો નિર્ણય કરવામાં આવ્યો છે.

### મેડિકલ રિપોર્ટ... ● અનુસંધાન પહેલાનું ચાલુ

આ બીમારીઓમાં હૃદયની બીમારી, મગજની બીમારી, મોટાપા, શ્વાસ લેવામાં મુશ્કેલી જેવી બીમારીઓ, આર્થરાઈટ્સ સામેલ છે. રિપોર્ટનું માનીએ તો તેમના લાંબા સમયથી પગમાં દુખાવો છે. તેના લીધે તેમને ચાલવામાં પણ તકલીફ પડે છે. તેના માટે તેમણે રેડિયોગ્રાફી રિપોર્ટ કોર્ટમાં રજૂ કર્યો છે. પીએનબી સ્કેમમાં તપાસનો સામનો કરી રહેલા મેહુલ ચોકસી એ પેટનો અલ્ટ્રાસાઉન્ડ રિપોર્ટ પણ કોર્ટમાં રજૂ કર્યો છે.

મેહુલ ચોક્સી એ ડોકટર્સને ટેસ્ટ રિપોર્ટનો હવાલો આપતા કહ્યું કે ડૉકટર્સે ખરાબ તબિયતને જોતા કહ્યું છે કે તેઓ એન્ટીગુઆમાં સતત મેડિકલ સપુરવિઝનમાં રહે અને કોઈપણ પ્રકારની મુસાફરી ના કરે. મેહુલ ચોકસીના મેડિકલ રિપોર્ટ પ્રમાણે ડૉકટરે તેમની હાર્ટ સર્જરી કરી છે અને તેમને સ્ટેંટ મૂકયું છે. મેહુલ ચોકસીએ પોતાના એમઆર એન્જિયોગ્રામનો રિપોર્ટ પણ કોર્ટમાં રજૂ કર્યો છે.

### વિવાદ વકર્યો... ● અનુસંધાન પહેલાનું ચાલુ

જેટલીએ કહ્યું હતું કે, જો ગુરુનું આ પ્રકારનું વર્તન હોય તો શિષ્ય કેટલા નબળા હોઈ શકે છે તે આ બાબતથી સમજી શકાય છે. આજે દેશ આ બાબતને લઈને વિતેલા વર્ષોની કિંમત ચુકવે છે. અરુણ જેટલીની ગુરુ અને શિષ્યને લઈને ટિપ્પણી શામ પિત્રોડાના બહાને રાહુલ ગાંધી પર પ્રહાર તરકે છે. કોંગ્રેસનો મેનિફેસ્ટો કમિટિના સભ્ય શામ પિત્રોડાએ એક ઈન્ટરવ્યુમાં કહ્યું હતું કે, પુલવામા હુમલા માટે સમગ્ર પાકિસ્તાન જવાબદાર નથી. એર સ્ટ્રાઈક ઉપર પ્રશ્નો કરતા પિત્રોડાએ કહ્યું હતું કે, શું એર સ્ટ્રાઈક થઈ છે. જો થઈ છે તો કેટલા લોકો માર્યા ગયા છે. આ બાબત તેમને જાણવાનો અધિકાર છે. મોદીએ તરત જ આ બાબતને ઝડપી લઈને કોંગ્રેસ પાર્ટી ઉપર પ્રહાર કર્યા હતા.

### ગૌતમ ગંભીર... ● અનુસંધાન પહેલાનું ચાલુ

ટ્વિટર ઉપર હંમેશા દિલ્હીના મુખ્યમંત્રી અરવિંદ કેજરીવાલની ટિકા ગૌત્તમ ગંભીરે કરી છે. દિલ્હીમાંથી લોકસભા ટીકીટ મળી શકે છે. એવી અટકળો પણ છે કે, મિનાક્ષી લેખીની જગ્યાએ નવી દિલ્હી સીટ પરથી ચૂંટણી લડશે. ગૌત્તમ ગંભીરે કહ્યું હતું કે, તેઓ જેટલી અને રવિશંકર પ્રસાદનો આભાર માને છે. તેમના કારણે સેવા કરવાની તક મળી રહી છે. વડાપ્રધાન મોદી અને તેમના દ્રષ્ટિકોણથી તે ખુબ જ પ્રભાવિત છે. ક્રિકેટ ટીમ માટે યોગદાન આપ્યા બાદ હવે દેશ માટે પણ કંઈ કરવાની ઈચ્છા છે.

### પ્રથમ યાદી... ● અનુસંધાન પહેલાનું ચાલુ

હાલ શાહ રાજ્યસભા સાંસદ છે. પહેલીવાર લોકસભા ચૂંટણી લડશે. કેન્દ્રીય મંત્રી જિતેન્દ્ર સિંહ ઉધમપુરથી લોકસભા ચૂંટણી લડશે. પશ્ચિમ બંગાળ ભાજપના પ્રમુખ દિલીપ ઘોષ મોદિનીપુર, કેન્દ્રીય મંત્રી બાબુલ સુપ્રીયો આસનસોલથી ચૂંટણી લડશે. નડ્ડાએ જણાવ્યું કે, પાર્ટીએ બિહારથી પાર્ટીનાં તમામ ૧૭ ઉમેદવારોનાં નામને આખરી ઓપ આપ્યો.

આ ઉપરાંત સ્મૃતિ ઈરાની અમેઠી બેઠક પરથી ચૂંટણી લડશે. તો કેશવપ્રસાદ મૌર્યના પુત્રી સંઘમિત્રા મૌર્યને બદાયુંથી ટિકિટ મળી છે. હેમા માલિની મથુરાથી તો સત્યપાલ સિંહ બાગપતથી ચૂંટણી લડશે. ગાઝિયાબાદથી વી.કે. સિંહ, ગૌતમબુદ્ધ નગરથી મહેશ શર્મા ઝંપલાવશે.

લોકસભાની ચૂંટણીમાં મતદાન ૧૧મી એપ્રિલે શરૂ થવાનું છે અને ૧૯મી મેએ પૂરું થશે. મતગણતરી ૨૩મી મેએ થવાની છે.લોકસભાની ૫૪૩ બેઠકનું મતદાન ૧૧મી એપ્રિલ, ૧૮મી એપ્રિલ, ૨૩મી એપ્રિલ, ૨૯મી એપ્રિલ, છઠ્ઠી મે, બારમી મે અને ૧૯મી મેએ યોજાવાનું છે.